આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- વિરલ રાણા

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:૨૬-૦૯-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

## રાજ્ય-વીજળી

રાજ્ય સરકારે સૌરાષ્ટ્ર અને કચ્છના ખેડૂતોને મગળફી સહિતના ઉભા પાક માટે 8 કલાકને બદલે 10 કલાક વીજળી આપવાની જાહેરાત કરી છે.

ગાંધીનગરમાં આ અંગે માહિતી આપતા ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે સૌરાષ્ટ્ર અને કચ્છના જે જિલ્લાઓમાં વરસાદ ખેંચાયો છે, ત્યાં ઉભા પાકોને બચાવવા માટે ખેડૂતોના હિતમાં આ નિર્ણય લેવાયો છે.

**(RNU** અમદાવાદ/વિરલ રાણા**)**

---------------------------------------------------------------------------

## ગીર-ઈકો.સેન્સિટિવ ઝોન

ગીરના સિંહોના રક્ષણ માટે કેન્દ્ર સરકારે ગીર આસપાસના કુલ 1.84 લાખ હેક્ટર વિસ્તારને ઇકો સેન્સિટિવ ઝોન જાહેર કર્યો છે. આ ગીર રક્ષિત વિસ્તારના ફરતે ત્રણ જિલ્લાના કુલ 196 ગામ તેમજ 17 નદીઓનો સમાવેશ થાય છે.

આ અંગે સરકારે બહાર પાડેલા જાહેરનામા અનુસાર ઇકો-સેન્સિટિવ ઝોન વિસ્તારનું અંતર સૌથી ઓછામાં ઓછુ ૨.૭૮ કિ.મી. અને વધુમાં વધુ ૯.૫૦ કિ.મી. રાખવામાં આવ્યું છે.

આ અંગે માહિતી આપતા વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું કે ઇકો સેન્સિટિવ ઝોન નક્કી થવાથી સ્થાનીક વિકાસ સહિતની વિવિધ પ્રવૃત્તિઓને વેગ મળશે.

**(RNU** અમદાવાદ/વિરલ રાણા**)**

---------------------------------------------------------------------------

## EKYC-વિદ્યાર્થી

રાજ્યમાં હવે શાળાના વિદ્યાર્થીઓ માટે EKYCની પ્રક્રિયા ફરજિયાત બનાવાશે.

રાજ્યના શિક્ષણંત્રી કુબેર ડીંડોરે મહિસાગરમાં એક કાર્યક્રમમાં આ વિશે માહિતી આપતા જણાવ્યું કે કેટલાક વિદ્યાર્થીઓ માટે નામ બારકોડ રાશનકાર્ડમાં ઉમેરાયા નથી, આવા વિદ્યાર્થીઓના EKYC વ્યવસ્થા શરૂ કરાઈ છે. વધુમાં મંત્રીએ જણાવ્યું કે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રી-મેટ્રિક અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ લેવાની હોય છે, આથી આ પ્રક્રિયા માત્ર એક વાર કરવાની રહે છે, જેથી તેનો ફાયદો લાંબા સમય સુધી મળતો રહે.

**(RNU અમદાવાદ/વિરલ રાણા)**

---------------------------------------------------------------------------

## રાજ્ય- સ્વાગત કાર્યક્રમ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ નાગરિકોની રજૂઆત-ફરિયાદોના ઑનલાઈન નિવારણનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ આજે બપોરે સાડા ત્રણ વાગ્યે યોજાશે. આ માટે અરજદારો અને રજૂઆતકર્તાઓ સવારે સાડા આઠ વાગ્યાથી સાડા 11 વાગ્યા સુધી પોતાની રજૂઆત ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલ- 2માં આવેલા મુખ્યમંત્રીના જનસંપર્ક એકમમાં આપી શકશે.

**(RNU અમદાવાદ/વિરલ રાણા)**

---------------------------------------------------------------------------

## કચ્છ યુનિ-યુવા મહોત્સવ

કાંતિગુરૂ પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી ખાતે આજથી બે દિવસીય 19માં યુવક મહોત્સવનું આયોજન કરાયુ છે. આ યુવક મહોત્સવમાં અલગ અલગ 27 જેટલી વિવિધ સ્પર્ધામાં  1180 જેટલા સ્પર્ધક ભાગ લેવાના છે.

19માં યુવક મહોત્સવને મુક્ત જીવન સ્વામી મહિલા કોલેજ ખાતે આજે સવારે 10-00 કલાકે કુલપતિ ડો.મોહન પટેલની  અધ્યક્ષસ્થાતામાં  ખુલ્લો મુકાશે.

**(વિરલ રાણા/NP)**

---

## કચ્છ યુનિ-અર્થશાસ્ત્ર કાર્યશાળા

કચ્છ યુર્નિવસિટીના અર્થશાસ્ત્ર તથા ગુજરાત અર્થશાસ્ત્ર મંડળના સહીયારા પ્રયાસથી હાઉ ટુ રાઈટ રીસર્ચ પેપર પર એક કાર્યશાળા યોજાઈ હતી. આ કાર્યશાળામાં 450 વિધાર્થી તથા અધ્યાપકે ભાગ લીધો હતો.

**(વિરલ રાણા/NP)**

---

## કૃષક રથ-કાઝરી

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ “કાજરી”ના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કૃષક સુવર્ણ સમૃધ્ધી સપ્તાહ હેઠળ જીલ્લાના અલગ અલગ ગામોમાં કૃષિ સમૃધ્ધિ રથ કિસાનો સુધી પહોંચીને વૈજ્ઞાનિક કૃષિ પધ્ધતિઓથી કિસાનોને માહિતગાર કરવામાં આવી રહ્યા છે.આરંભના ત્રણ દિવસમાં થરાવડા, કુકમા અને નિરોણા કુલ 303 મહિલા અને પુરૂષ કિસાનોને કૃષિલક્ષી પ્રદર્શન,કૃષિ વ્યવસાય અંગેની માહિતી આપવામાં આવી હતી.

**(વિરલ રાણા/NP)**

---

## અંજાર-આઈ.ટી.આઈ

અંજાર આઈ.ટી.આઈ. ખાતે પ્રવેશના ચોથા રાઉન્ડ અંતર્ગત પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ આઈ.ટી.આઇ. અંજાર ખાતેથી તેમજ ઇન્ટરનેટના માધ્યમથી ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરી, અંજાર સંસ્થા ખાતે રજિસ્ટ્રેશન ફી ભરી  પ્રવેશ

કન્ફર્મ કરાવવા માટેની આગામી તા. 30મી સપ્ટેમ્બર-2024 રાખવામાં આવી છે તેવું આચાર્ય, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, અંજારની એક યાદીમાં જણાવાયું છે.

**(વિરલ રાણા/NP)**

---

## રાપર-સલારી-બાળ વૈજ્ઞાનિક મેળો

સલારી ગામે આવેલી સાંદીપનિ શાળા ખાતે રાપર તાલુકાનો બીઆરસી કક્ષાનો બાળ વૈજ્ઞાનિક મેળો યોજાયો હતો, જેનું ઉદ્ઘાટન ધારાસભ્ય વિરેંન્દ્રસિંહ જાડેજા,જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી સંજય પરમાર, જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજાના હસ્તે કરવામાં આવ્યું હતું. યોજાયેલા બાળ વૈજ્ઞાનિક મેળાંમા 292 શાળા માંથી 150 થી વધુ કૃતિઓ રજુ કરવામાં આવી હતી. જેમાં ગ્લોબલ વારમિંગ, પર્યાવરણ, ઇલેક્ટ્રોનિક સાધનો, ખેતી માટે પાણી, આર્ગોનિક ખેતી, કોમ્પ્યુટર વાહન વ્યવહાર, સંદેશા વ્યવહાર તથા અન્ય જુદી જુદી કૃતિઓ રજુ કરવામાં આવી હતી.

**(વિરલ રાણા/NP)**

---

## હવામાન

નૈઋત્યના ચોમાસાની સત્તાવાર વિદાયની જાહેરાત થઈ ચૂકી છે, પરંતુ બંગાળની ખાડીમાં સર્જાયેલી સિસ્ટમની અસર તળે રાજ્યની સાથે કચ્છમાં પણ ચાર દિવસ પવન - ગાજવીજ સાથે વરસાદ વરસવાની આગાહી હવામાન વિભાગે કરી છે.

**(વિરલ રાણા/NP)**

---